भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

રેફ :નડિઆદ. ડી.ઓ/ઓ.એસ/૨૦૨૪-૨૫/૧ Date: 03.07.2024

પ્રતિ,

વિષય : ઈ ડી એમ એસ ડિપાર્ટમેન્ટના રેક (ડોકેટ સાથે) ડભાણ થી દાવડા
ગોડાઉનમાં ઉતારી ગોઠવવા તેમજ ફિટ કરવા બાબત (આસરે ૧૦૫૦ રેક)

સાહેબ શ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત વિષય ના અનુસંધાન માં અમારો રેકોર્ડ અને રેક એક જગ્યાએથી સ્વપ્નલોક પાર્ટી પ્લોટ ડભાણ થી બીજી જગ્યાએ ઈ ડી એમ એસ દંતાલી પેક કરી ફેર-બદલ કરવાનો છે. તો આપ નીચે મુજબ ની પાત્રતા ધરાવતા હોય તો અમોને સીલકવર માં આપના ભાવ દિવસ ૭ માં મોકલી આપશો .*

(૧) આપશ્રીએ એક ગોડાઉનમાં થી બીજા ગોડાઉન માં અમો બતાવેલી જગ્યાએ વ્યવસ્થિત જેવી રીતે છે તેવી જ રીતે રેકોર્ડ શીફ્ટ કરીને તેમજ ગોઠવી ને મૂકવાના રહેશે.

(૨) આ ભાવ સંપૂર્ણ મજૂરી ટ્રાન્સપોટેશન ઈન્સ્યોરન્સ તેમજ ટેક્ષ તથા અન્ય કોઈ પણ ચાર્જિસ સાથેના રહેશે. આ સિવાય બીજી કોઈ રકમ ચૂકવાશે નહીં.

(૩) અમારા રેકોર્ડ ની કઈપણ નુકશાની થસે તેની જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે.

(૪) ઉપરોક્ત કામ સ્વીકારેથી ૨૦ દિવસ માં સંતોષકારક પૂર્ણ કરવાનું રહેશે. સંપૂર્ણ સંતોષકારક કામ નું સર્ટિફિકેટ મળ્યાબાદ પેમેન્ટ કોટ્રાક્ટર ના ખાતામાં નિયમ મુજબ ટેક્ષ કપાત કરી ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવશે. (NEFT)

(૫) કોઈપણ જાતનું એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે નહીં.

(૬) સ્થળ જોવાનો સમય ૧૧ થી ૫ (સોમ થી શુક્ર)

(૭) અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂપિયા ૨૦૦૦૦=૦૦ કેશ અથવા ડ્રાફ્ટ એલ આઈ સી ઓફ ઈન્ડિયા પેબલ એટ નડીઆદ થી ચુકવવાના રહેશે .

(૮) આ સાથે પાનકાર્ડ, આધાર કાર્ડ તેમજ બેન્ક ની વિગત પૂરી પાડવા ની રહેશે .

(૯) વિવાદિત કિસ્સામાં નડીઆદ જ્યુરીદીક્ષણ લાગુ પડશે.

સિનિયર ડિવિજનલ મેનેજર

ઉપરોક્ત શરતો મને મંજુર છે.

ભાવ : ૧ રેક નો રેકોર્ડ સાથે ફેરવવાનો ભાવ રૂપિયા _____(લેબર અને ટ્રાન્સપોટેશન સાથે નો)

સહી _____

ઉપરોક્ત ટેન્ડર શ્રી ચેરમેન સ્ટોર પરચેસ કમિટી ને નીચે આપેલ સરનામે મોકલવા વિનંતી.

* ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૫/૭/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.